# ‘સત્સંગ પ્રારંભ’ પરીક્ષાર્થીઓના માર્ગદર્શન માટે તેજસ્વી પરીક્ષાર્થી દ્વારા લખાયેલ જવાબવહી

રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯ | સમય : સવારે ૯ થી ૧૨ | કુલ ગુણ :- ૧૦૦

સ્વામિનારાયણ
BAPS

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

☞ **પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે ‘બારકોડ’ દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ (તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐)

પરીક્ષાર્થીનો અભ્યાસ ..........................................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઈઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..................................................

☞ **પાછળ લખેલી સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.**

**પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી**

..............................

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧ (૯) | |
| | ૨ (૪) | |
| | ૩ (૪) | |
| | ૪ (૫) | |
| | ૫ (૮) | |
| | ૬ (૬) | |
| વિભાગ - ૧, કુલ ગુણ | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૭ (૯) | |
| | ૮ (૪) | |
| | ૯ (૬) | |
| | ૧૦ (૫) | |
| | ૧૧ (૬) | |
| વિભાગ - ૨, કુલ ગુણ | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧૨ (૪) | |
| | ૧૩ (૮) | |
| | ૧૪ (૪) | |
| | ૧૫ (૮) | |
| | ૧૬ (૫) | |
| | ૧૭ (૫) | |
| વિભાગ - ૩, કુલ ગુણ | | |

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . . .

ચેકર - નામ

**ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે જ** નીચેની લીટીવાળા ભાગથી કાપીને ‘બારકોડવાળું’ ફક્ત આ એક જ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યાં વગર પરત મોકલવું.

## પરીક્ષાર્થીઓને અગત્યની સૂચના :-

**૧. આગળના મુખ્ય પૃષ્ઠ ઉપર પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે બારકોડ દર્શાવેલ છે, તેને કોઈપણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

૨. પરીક્ષાર્થીએ ખૂબ જ સ્પષ્ટ તથા સુંદર અક્ષરે આગળના પાનામાં માંગ્યા મુજબ વિગતો ભરવી ફરજિયાત છે.

૩. આપે ઉત્તરવહીમાં (જવાબવહીમાં) ક્યાંય કોઈ પણ જગ્યાએ આપનું નામ લખવાનું નથી.

૪. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

**૫. વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

૬. પ્રશ્નના ગુણ ➞ | ગુણ : ૧ | | ← પરીક્ષકે પ્રશ્ન તપાસીને મૂકવાના ગુણની જગ્યા

**૭. પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૮. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

૯. **પરીક્ષા ખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

**૧૦. પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલ પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.**

**૧૧. જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલ ઉત્તર માન્ય ગણાશે નહિ.**

## *Important Instructions For Satsang Exam Students*

1. **Please do not damage in any way the bar code printed on the front page.**
2. Please write clearly and legibly.
3. Do not write your name on the answer book.
4. On the day of the Final Satsang Examinations, all examinees should obtain the signature of the class supervisor on the answer sheet bearing their own personal details only.
5. Answer books without the signature of the Class Supervisor will be considered **NOT VALID.**
6. Marks for Question ➞ | 1 Mark | | ← Space for Examiner to write marks
7. **Write your answers with either a blue or black pen only. Answers written in pencil, or with a red, green or any other coloured pen will not be considered valid. Answers written in more than one coloured ink will not be considered valid.**
8. Follow the instructions while answering. Answers crossed out will not be considered valid.
9. Examinations taken at **unauthorized locations** or in which the exam rules have been violated will not be considered valid.
10. **Without the prior permission of the Pariksha Karyalay in Ahmedabad, answer papers written by substitute writers in place of the original candidate will not be accepted. Answer papers with more than one type of handwriting will not be accepted.**
11. **Answers written on extra pages will not be considered valid.**

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧ | |
|---|---|---|

**પ્રારંભ**

## વિભાગ - ૧ : ઘનશ્યામ ચરિત્ર

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ‘‘એકાદશીનો તો બહુ મહિમા છે, માટે હોંશે હોંશે એકાદશીનું વ્રત કરવું જોઈએ.’’ ગુણ : ૩

કોણ કહે છે ? ઘનશ્યામ કોને કહે છે ? બાવાજીને (બાવાજી મોહનદાસ - હનુમાનગઢી મંદિરના મહંત)

ક્યારે કહે છે ? એકાદશી માટે બાવાએ લોકોને શાસ્ત્ર વિરુધ્ધ ખોટો ઉપદેશ આપ્યો ત્યારે તેને સાચી શિખામણ આપતાં કહે છે.

૨. ‘‘તમે ભગવાન છો. અમે તમારું અને તમારા પિતાશ્રીનું અપમાન કર્યું, માટે અમને માફ કરો.’’ ગુણ : ૩

કોણ કહે છે ? બાવાઓ કોને કહે છે ? ઘનશ્યામને

ક્યારે કહે છે ? અભિમાની બાવાને સીધો કરવા વાઘના ચામડામાંથી સાચો વાઘ ઘનશ્યામે બનાવ્યો ત્યારે માફી માગતા બાવાઓ કહે છે.

૩. ‘‘ઘણાં વર્ષો પહેલાં અમે બધા ખરાબ સ્વભાવવાળા માણસો હતા.’’ ગુણ : ૩

કોણ કહે છે ? ભૂત કોને કહે છે ? ઘનશ્યામને

ક્યારે કહે છે ? ભક્તિમાતા પાણી ભરવા ગયા ત્યારે ભૂતોએ ઘડો પકડી લીધો. ભક્તિમાતા ડરથી દોરડું અને ઘડો લીધા વિના જ પાછા આવ્યા હતા. ભક્તિમાતાનું દોરડું અને ઘડો કૂવામાં લેવા પડેલા ઘનશ્યામને બધા ભૂતોમાંથી એક ભૂતે કહ્યું.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

૧. ઈન્દ્રદેવે તરત આકાશવાણી કરી કોને બોલાવ્યા ? ગુણ : ૧

ઈન્દ્રદેવે આકાશવાણી કરી દેવોના વૈદ્ય અશ્વિનીકુમારને બોલાવ્યા.

૨. હનુમાનજી કોની પાસેથી ઘનશ્યામને છોડાવીને લાવ્યા ? ગુણ : ૧

હનુમાનજી કૃત્યાઓ પાસેથી ઘનશ્યામને છોડાવી લાવ્યા.

૩. ઘનશ્યામે બાજોઠ ઉપર મૂકેલી ત્રણ વસ્તુમાંથી કઈ વસ્તુ ઉપાડી ? ગુણ : ૧

ઘનશ્યામે બાજોઠ ઉપર મૂકેલી ત્રણ વસ્તુમાંથી પુસ્તક ઉપાડી લીધું.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૨ | | પ્ર-૩ | |
|---|---|---|---|---|

૪. ગૃહત્યાગ વખતે ઘનશ્યામે સાથે લીધેલી વસ્તુઓમાંથી ચાર વસ્તુઓનાં નામ લખો. ગુણ : ૧

ગૃહત્યાગ વખતે ઘનશ્યામે મૃગચર્મ, મુંજની મેખલા, માળા, પલાશનો દંડ, શાસ્ત્રોના સારરૂપી ગુટકો, કમંડળ, ભિક્ષાપાત્ર, પાણી ગાળવાનું વસ્ત્ર, શાલિગ્રામ, બાળમુકુંદનો બટવો સાથે લીધા હતા.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **મુમુક્ષુ કઈ દિશામાં છે ?** : તરગામની બહાર આંબાના ઝાડ પર ચડી ઈચ્છારામ પૂર્વ દિશામાં રહેલા ભક્તોને જોતા હતા.

જ. **છપૈયા** ગામની બહાર **પીપળા**ના ઝાડ પર ચડી **ઘનશ્યામ પશ્ચિમ** દિશામાં રહેલા **મુમુક્ષુઓ**ને જોતા હતા.

ગુણ : ૧

૨. **બાળમિત્રોને જમાડ્યા** : નારાયણ સરોવરને કાંઠે ઈચ્છારામે દેવોને કહ્યું : 'બપોર સુધી મારી સાથે ફરવા કબૂલ થાઓ, તો હું બધાને અહીંયાં જ નાસ્તો કરાવીશ.'

જ. **મીન** સરોવરને કાંઠે **ઘનશ્યામે બાળમિત્રોને** કહ્યું : **'સાંજે સૂરજ આથમે ત્યાં** સુધી મારી સાથે **રમવા** કબૂલ થાઓ, તો હું બધાને **જમાડીશ.'**

ગુણ : ૧

૩. **ચોર ચોંટી ગયા** : કેરી તોડવા ગયેલા ત્રણેય બ્રાહ્મણોના હાથ કેરી સાથે ચોંટી ગયા.

જ. **ફણસ** તોડવા ગયેલા **બે ચોરો**ના હાથ **ફણસ** સાથે ચોંટી ગયા.

ગુણ : ૧

૪. **રામચંદ્રરૂપે દર્શન** : ખાંપા તળાવડીને કાંઠે ભાઈ-ભાભીને ચિંતાતુર થયેલાં જાણી ઈચ્છારામ પાણીમાં તરીને કાંઠે આવ્યા.

જ. **મીન સરોવર**ને કાંઠે **માતા-પિતા**ને ચિંતાતુર થયેલાં જાણી **ઘનશ્યામ** પાણી **ઉપર અધ્ધર ચાલીને** કાંઠે આવ્યા.

ગુણ : ૧

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૪** ''કાશીમાં વિશિષ્ટાદ્વૈત મતનું સ્થાપન'' - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

૧. ચંદ્રગ્રહણે ગંગા સ્નાન માટે કાશીના ગોમઠમાં ધર્મપિતા અને સંબંધીઓ સાથે ઘનશ્યામ ગયા હતા.

૨. ધર્મદેવની મધ્યસ્થીએ એક ધર્મસભા ને ચર્ચા યોજવાનું આયોજન કર્યું.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૪ | | પ્ર-૫ | |
|---|---|---|---|---|

૩. અદ્વૈતવાદી અને દ્વૈતવાદી પંડિતો વચ્ચે વિવાદનો અંત લાવવા ઘનશ્યામને વિનંતી.

૪. ઘનશ્યામે વિશિષ્ટાદ્વૈત મતનું પ્રતિપાદન કરતાં કરતાં સર્વને સમાધિમાં પોતપોતાના ઈષ્ટદેવ સ્વરૂપે દર્શન આપ્યા.

૫. સમાધિ અવસ્થામાં જ સૌએ ઘનશ્યામનું પૂજન કરતાં ઘનશ્યામનો દિગ્વિજય થયો.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. લક્ષ્મીજીને વરદાન (ગુણ : ૨)

(૧) [✔] મને તમારી સેવાનો લાભ આપો. (૨) [ ] હું લક્ષ્મીજીની દાસી છું.

(૩) [✔] હું તમારી ઈચ્છા પૂર્ણ કરીશ. (૪) [ ] મારા નખ તમારી હથેળીમાં વાગ્યા હશે.

૨. સુવાસિની ભાભીનો વિલાપ. (ગુણ : ૨)

(૧) [✔] તમને ખબર છે, ક્યાં ગયા છે ? (૨) [ ] મને ઘનશ્યામ વગર ગમતું નથી.

(૩) [ ] મારું મન હાથમાં નથી રહેતું. (૪) [ ] ઘનશ્યામ નદીમાં તણાઈ ગયા હશે ?

૩. ઘનશ્યામે હિંસા બંધ કરાવી. (ગુણ : ૨)

(૧) [ ] ધર્મદેવને નિર્દોષ પ્રાણીઓ પર દયા આવી. (૨) [ ] ઘનશ્યામનું દિલ દુઃખથી ભરાઈ આવ્યું.

(૩) [✔] રાજા પીપળાના ઝાડ પર ચઢી ગયો. (૪) [✔] રાજાની ધોતલી છૂટી ગઈ.

૪. ઘનશ્યામના ડાબા ચરણમાં આવેલાં ચિહ્નો. (ગુણ : ૨)

(૧) [ ] સ્વસ્તિક (૨) [✔] ધનુષ (૩) [✔] કળશ (૪) [ ] અષ્ટકોણ

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ઘનશ્યામને જોઈ વાઘ શાંત થઈ ગયો. (ગુણ : ૨)

કારણ કે ઘનશ્યામ દોડતા વાઘ પાસે જઈને ઊભા રહ્યા અને તેની સામે દૃષ્ટિ કરવાથી વાઘ શાંત થઈ ગયો.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૬ | |
|---|---|---|

૨. બંને માસીઓએ ઘનશ્યામની માફી માગી. ગુણ : ૨

ઘનશ્યામના ચમત્કારની ખબર પડતાં માસીઓએ ઘનશ્યામને ભગવાન તરીકે સ્વીકારી માફી માગી.

૩. માછીમાર 'બચાવો, છોડાવો'ની બૂમો પાડવા લાગ્યો. ગુણ : ૨

ઘનશ્યામ પર ગુસ્સે થઈ મારવા દોડેલા માછીમારને યમરાજાએ યમપુરી અને નરકનાં દુઃખો દેખાડ્યાં, યમદૂતો આગળ માર ખવડાવ્યો. તેથી માછીમાર 'છોડાવો, બચાવો'ની બૂમો પાડવા લાગ્યો.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

## વિભાગ - ૨ : યોગીજી મહારાજ

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ''શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું ?'' ગુણ : ૩

કોણ કહે છે ? યોગીજી મહારાજ કોને કહે છે ? હરિભક્તને

ક્યારે કહે છે ? સારણગાંઠના ઑપરેશન પછી ક્લૉરોફૉર્મની અસર ઉતરતાં સામે શાસ્ત્રીજી મહારાજને બેઠેલા જોયા ત્યારે.

૨. ''એવું બોલો મા. હું તો સેવક છું.'' ગુણ : ૩

કોણ કહે છે ? ઝીણા ભગત કોને કહે છે ? ગરાસિયા ભક્તને

ક્યારે કહે છે ? ઝીણા ભગતના પગમાં ઊર્ધ્વરેખા જોઈ ગરાસિયા ભક્તે કહ્યું ''શ્રીજીમહારાજ તમારાથી એક ક્ષણ પણ જુદા નહિ થાય. ઊર્ધ્વરેખાવાળા સત્પુરુષ તો કોઈક જ હોય અને તેવા સત્પુરુષ તો ભગવાનનું સ્વરૂપ કહેવાય.'' ત્યારે.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૭ | | પ્ર-૮ | | પ્ર-૯ | |
|---|---|---|---|---|---|---|

૩. ''સત્શાસ્ત્રનું વ્યસન રાખવું, અને બીજું, સારા સાધુનો સંગ રાખવો.'' ગુણ : ૩

કોણ કહે છે ? જાગા ભક્ત ........ કોને કહે છે ? ઝીણા ભગતને

ક્યારે કહે છે ? સ્વપ્નમાં ઝીણાભગતને જાગા ભક્તનાં દર્શન થયાં ત્યારે ઝીણાભગતે કહ્યું કંઈ ઉપદેશ આપો તો સારું ત્યારે.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

૧. ગઢપુરમાં સંવત ૨૦૧૭માં યોગીજી મહારાજે કેટલા નવયુવાનોને ભાગવતી દીક્ષા આપી ? ગુણ : ૧

ગઢપુરમાં સં. ૨૦૧૭માં યોગીજી મહારાજે એકાવન નવયુવાનોને ભાગવતી દીક્ષા આપી.

૨. કેટલા રૂપિયા મળતા હોય તે જતા કરીને પણ સત્સંગ મંડળની સભામાં જવું ? ગુણ : ૧

પચ્ચીસ હજાર રૂપિયા મળતા હોય તો પણ તે જતા કરીને સત્સંગ મંડળની સભામાં જવું.

૩. યોગીજી મહારાજનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? (સંવત અને તિથિ) ગુણ : ૧

યોગીજી મહારાજનો જન્મ ધારીમાં સંવત ૧૯૪૮ના વૈશાખ વદિ બારશને દિવસે થયો હતો.

૪. ઝીણા ભગતને દીક્ષા આપી શું નામ પાડવામાં આવ્યું ? ગુણ : ૧

ઝીણા ભગતને દીક્ષા આપી જ્ઞાનજીવનદાસજી નામ પાડવામાં આવ્યું.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૯ નીચે આપેલા વિષયની સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઉપદેશક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય :- યોગીજી મહારાજનો ઉપદેશ**

**૧.** જે હરિભક્ત ભીડો ખમે તેના પર ભક્તો રાજી થાય. **૨.** પોતાના આત્માને ગુણાતીત છું, અક્ષર છું, બ્રહ્મ છું એમ માનવો. **૩.** નીચામાં નીચી સેવા કરવાથી સંસ્થામાં ટકી જવાય. **૪.** સાધુ થવું, સાધુતા શીખવી અને સ્વભાવ મૂકવા. **૫.** કોઈની વસ્તુ લેવી નહિ. **૬.** જ્ઞાન શીખે અને સેવા કરે તે વધતા જાય. **૭.** સમગ્ર સત્સંગને અલૌકિક માનવો. **૮.** ઠઠ્ઠા મશ્કરી ન કરવાં, છોણિયાપણું ન રાખવું. **૯.** દાસના દાસ થવું એ સૌથી મોટી પદવી છે. **૧૦.** પોતાને જે પ્રગટ સ્વરૂપ મળ્યું છે તેને નિર્દોષ સમજવું. **૧૧.** નિત્ય એક વચનામૃત અને પાંચ સ્વામીની વાતોનો પાઠ કરવો. **૧૨.** પોતાની ભૂલો સુધારવાનો ખટકો રાખવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ફક્ત સાચા નંબરો** | ૨ | ૪ | ૬ | ૮ | ૯ | ૧૦ | ગુણ : ૩ |
| **યથાર્થ ઉપદેશક્રમ** | ૬ | ૧૦ | ૪ | ૮ | ૯ | ૨ | ગુણ : ૩ |

**તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. ઉપદેશક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

પ્ર.૧૦ ''આદર્શ વિદ્યાર્થી'' - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ઝીણાભાઈ ભણવામાં બહુ હોંશિયાર દરેક ધોરણમાં પહેલો જ નંબર આવે, ઈનામ પણ બહુ મળે. વર્ગમાં સૌથી હોંશિયાર ઝીણાભાઈ. શિક્ષક દાખલા ગણાવે, ત્યારે ઝીણાભાઈ તો ઘડીકમાં દાખલો ગણી લે. ગણીને તરત જ પાટી ઊંધી વાળી દે. બાજુમાં બેઠેલા ઠોઠ નિશાળિયા હળવેથી ઝીણાભાઈને પૂછે, પણ ઝીણાભાઈ ચૂપચાપ બેસી રહે કાંઈ બોલે નહિ.

કોઈ વિદ્યાર્થી ઝીણાભાઈને મારવાનું કહે, તો ઝીણાભાઈ નીડરપણે કહી દે, 'તમે ગણોને ! મારૂ ખોટું હશે તો તમારું પણ ખોટું પડશે.' બીજા બાળકો ઝીણાભાઈની પાટીમાંથી જોઈ લે, ચોરી કરીને લખી લે, તે ઝીણાભાઈને ગમે નહિ, ઝીણાભાઈ તો કહે, ''ચોરી કરીને બીજાની પાટીમાંથી ન લખાય, બીજામાંથી ચોરી કરીએ તો ભગવાનને છેતર્યા કહેવાય.'' આમ, ઝીણાભાઈ બધાને ભણી-ગણીને હોંશિયાર થવા શીખવે, પણ ચોરી ન કરવા દે.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૦ | | પ્ર-૧૧ | |
|---|---|---|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. વડા અધિકારીને ઝીણાભાઈની વાત સાચી લાગી. (ગુણ : ૨)

ઝીણાભાઈના કપાળમાં તિલક-ચાંદલો, મોઢા પર નિર્દોષતા અને સચ્ચાઈ જોઈ વડા અધિકારીને ઝીણાભાઈની વાત સાચી લાગી ને સાચું કહેવા બદલ ઈનામ આપ્યું.

૨. યોગીજી મહારાજ ઘણીવાર વૃદ્ધ અને અંધ સાધુને સાથે લઈ ઝોળી માંગવા જતા. (ગુણ : ૨)

કારણ કે ઘરડા સાધુની સેવા મળે, સાથે ફરવાથી એમના જ્ઞાન અને અનુભવનો લાભ મળે તે આપણું મોટું સદ્ભાગ્ય કહેવાય તેમ યોગીજી મહારાજ માનતા હતાં. તેથી તેઓ ઘણીવાર વૃદ્ધ અને અંધ સાધુને સાથે લઈ ઝોળી માંગવા જતા.

૩. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી 'પ્રમુખસ્વામી'ના નામે ઓળખાતા થયા. (ગુણ : ૨)

સંવત ૨૦૦૬માં અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે પોતાના સ્થાને શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની નિમણૂક કરી ચાદર ઓઢાડી સૌ હરિભક્તોને તેમની આજ્ઞામાં રહેવાની આજ્ઞા કરી ત્યારથી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી 'પ્રમુખસ્વામી'ના નામે ઓળખાતા થયા.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૨ | | પ્ર-૧૩ | |
|---|---|---|---|---|

## વિભાગ - ૩ : કિશોર સત્સંગ પ્રારંભ

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોનાઌઉ એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

૧. શાસ્ત્રીજી મહારાજ કઈ વાતો નીડરપણે કરતા ? ગુણ : ૧

શાસ્ત્રીજી મહારાજ અક્ષરપુરુષોત્તમની વાતો નીડરપણે કરતા.

૨. કયા રાજા રાજ્યનું ઘણું કામ હોવા છતાં જાતે જ કલાકો સુધી ભગવાનની પૂજા કરતા હતા ? ગુણ : ૧

અંબરીષ રાજા રાજ્યનું ઘણું કામ હોવા છતાં જાતે જ કલાકો સુધી ભગવાનની પૂજા કરતા હતા.

૩. વજીબાએ ચમત્કાર જોયા છતાં તેમનું મન કેમ ડગ્યું નહિ ? ગુણ : ૧

'મારા સ્વામિનારાયણ જેવા કોઈ નહિ' તેવો દૃઢ નિશ્ચય હોવાથી વજીબાનું મન ડગ્યું નહિ.

૪. શ્રીજીમહારાજ કોના જેવા ભક્ત થવાનું સૌને કહેતા ? ગુણ : ૧

શ્રીજીમહારાજ નાથ ભક્ત જેવા ભક્ત થવાનું સૌને કહેતા.

**ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો** ☐ **ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ભગવાનને રાજી કરવાની રીત. ગુણ : ૨

(૧) ☐ માનવ સેવા કરવી (૨) ☐ એ કામ તો યુવાનોનું

(૩) ✔ મંદિરે જવું (૪) ☐ ઘડપણમાં ભક્તિ કરવી

૨. શ્રીજીમહારાજે કરેલા સમાજસુધારા. ગુણ : ૨

(૧) ☐ સતીપ્રથાની નાબૂદી (૨) ✔ અહિંસક યજ્ઞો શરૂ કર્યા

(૩) ☐ બાળહત્યા બંધ કરાવી (૪) ✔ સ્ત્રીઓને શિક્ષણ અપાવ્યું

૩. ગંગામા. ગુણ : ૨

(૧) ✔ આવો ભત્રીજા દીકરા ! (૨) ☐ રામાનંદ સ્વામીના શિષ્ય

(૩) ☐ મહારાજ કઢી-ભાત વખાણતા (૪) ✔ જેતલપુરમાં રહેતા

૪. નાથ ભક્ત ગુણ : ૨

(૧) ✔ વિશ્વામિત્રી નદીએથી પાછા વળ્યા (૨) ✔ દીકરો ધામમાં જતાં સાકર વહેંચી

(૩) ☐ કોળી પટેલ હતા (૪) ☐ દીકરાને મહારાજ વિમાન લઈને તેડવા આવ્યા

 **ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો** ☐ **ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૪ | | પ્ર-૧૫ | |
|---|---|---|---|---|

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. સામત પટેલે સાડા ચાર હજાર રૂપિયાની સેવા કરી. | ગુણ : ૧ |

૨. અક્ષર એટલે ગુણાતીતાનંદ સ્વામી . પુરુષોત્તમ એટલે સહજાનંદ સ્વામી . | ગુણ : ૧ |

૩. એક વખત રામાનંદ સ્વામી એ ગંગામાને સ્વપ્નમાં દર્શન દીધાં. | ગુણ : ૧ |

૪. શ્રીજીમહારાજે સચ્ચિદાનંદ સ્વામી ને ભગુજી પાસે બેસાડી કાળને ભગાડી મૂકવા કહ્યું. | ગુણ : ૧ |

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૧૫ નીચે આપેલાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

૧. ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ! હે નાથ ! સ્વામિનારાયણ પ્રભો ।
ધર્મસૂનો ! દયા સિન્ધો ! સ્વેષાં શ્રેયઃ પરં કુરુ ॥
આગચ્છ ! ભગવન્ દેવ ! સ્વસ્થાનાત્ પરમેશ્વર ।
અહં પૂજાં કરિષ્યામિ સદા ત્વં સન્મુખો ભવ. | ગુણ : ૨ |

૨. જેનું નામ રટ્યા થકી મલિન સંકલ્પો સમૂળા ગયા,
જેને શરણ થયા પછી, ભવતણા ફેરા વિરામી ગયા,
જેનું ગાન દશો દિશે હરિજનો, ગાયે અતિ હર્ષથી,
એવા યજ્ઞપુરુષદાસ તમને
પાયે નમું પ્રીતથી. | ગુણ : ૨ |

૩. જમો થાળ જીવન ધોઉં કરચરણ, કરો ત્યારી...
બેસો મેલ્યા બાજોઠિયા ઢાળી, કટોરા કંચનની થાળી,
જળે ભર્યા ચંબુ ચોખાળી..... જમો થાળ.
કરી કાઠા ઘઉંની પોળી, મેલી ઘૃત સાકરમાં બોળી,
કાઢ્યો રસ કેરીનો ઘોળી. | ગુણ : ૨ |

૪. શાસ્ત્ર સકળનો સાર પરમ એ, બ્રહ્મ અને પરબ્રહ્મ:
જય જય બ્રહ્મ અને પરબ્રહ્મ..... જય જય
મૂળ અક્ષર એ બ્રહ્મ અનાદિ, ગુણાતીતાનંદ
જય જય ગુણાતીતાનંદ ... જય જય
ગુણાતીતાનંદ. | ગુણ : ૨ |

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

પ્ર.૧૬ 'સ્વામિનારાયણ નામના મંત્ર જેવો......' - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં)** (કુલ ગુણ : ૫)

**"સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી ને એ મંત્રે કાળા નાગનું પણ ઝેર ન ચડે એ મંત્રે વિષય ઊડી જાય છે ને બ્રહ્મરૂપ થવાય છે ને કાળ, કર્મ અને માયાનું બંધન છૂટી જાય છે. એવો બહુ બળિયો એ મંત્ર છે, માટે નિરંતર ભજન કરવું."**

ભગવાનના નામના મંત્રમાં બહુ બળ છે. કાળા નાગનું ઝેર ચડે ને કાંઈ દવા ન કરે તો પણ ભગવાનના આ મંત્રથી ઝેર ઊતરી જાય. આ વાત આપણા ગુરુ યોગીજી મહારાજે સાબિત કરી બતાવી છે. ગોંડળમાં મંદિરનું કામ ચાલતું હતું. એક રાત્રે યોગીજી મહારાજને એક મોટો કાળો સર્પ તેમની આંગળીએ કરડ્યો. તેમને તો ખબર ન હતી. મંદિરમાં રહેતા ભક્તિવલ્લભ સ્વામીએ સાપ નીકળતો જોયો. તેમણે કહ્યું કે સ્વામીને તો આ ઝેરી સાપ જ કરડ્યો છે. તેમણે શાસ્ત્રીજી મહારાજને વાત કરી. સ્વામીએ કહ્યું કે 'દેરીમાં સૌ ધૂન કરો.' તેથી સૌએ ધૂન શરૂ કરી. ગોંડળના મહારાજાને આ વાતની ખબર પડી. ત્યારે તેમણે પોતાના ડૉક્ટરને સ્વામીની દવા કરવા મોકલ્યા, પણ સ્વામીએ કહ્યું કે અમારે દવા નથી કરાવવી. સ્વામિનારાયણ નામના ધૂનથી જ ઝેર ઊતરી જશે. પછી બાર કલાકે ઝેર ઊતરી ગયું. પણ ઝેર બહુ આકરું હતું. તે ડાબા હાથની પહેલી આંગળીનું હાડકું વળી ગયું. સ્વામીની પહેલી આંગળી સહેજ વાંકી વળી ગઈ હતી. માટે આપણે પણ સ્વામિનારાયણ મંત્ર ખૂબ જપીશું.

..............................................................

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

પ્ર.૧૭ ''શૂરવીર બાલભક્ત'' - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી)** (કુલ ગુણ : ૫)

૧. સંતોના સંગથી ખેડૂતનો એક છોકરો ભજન, ભક્તિ અને પૂજા કરતો થયો.

૨. તેના બાપા સત્સંગી ન હોવાથી તેને ધમકાવે, મારે ને સત્સંગ છોડી દેવાનું કહે તો પણ છોકરો ડગે નહિ.

૩. એક દિવસ ગાડાના જોતરે છોકરાને બાંધી કંઠી મૂકી દેવાનું કહ્યું તો પણ છોકરાએ નામ ને કંઠી ન મૂક્યાં.

૪. બાપાએ ગાડું ઉલાળ્યું છોકરો મરી ગયો. મહારાજે છોકરાને સાચો ભક્ત અને તેના બાપને હિરણ્યકશિપુ જેવો કહ્યો.

૫. આપણે પણ ગમે તેવા દુઃખ આવે તો પણ ભગવાનની ભક્તિ અને કંઠી મૂકવી નહિ, સાચા ભક્ત થવું.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા